# જિલ્લામાં ૨૧મીથી કૃષિ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર રાજયમાં અખાત્રીજ, તા. ૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજથી અગિયારમાં કૃષિ મહોત્સવનો આરંભ થશે. વીસ દિવસ સુધી સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવ યોજાશે. કૃષિ મહોત્સવ ૨૦૧૫ જિલ્લા પંચાયતની સીટ પ્રમાણે યોજાશે. જેમાં સીટ અનુસાર સેમિનાર અને એક્ઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. જિલ્લામાં યોજાનાર તા. ૨૧મી એપ્રિલ થી તા. ૧૦મી મે, ૨૦૧૫ દરમ્યાન યોજાનાર કૃષિ મહોત્સવના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અમલીકરણ સમિતીની બેઠક મળી હતી.

કૃષિ મહોત્સવ અંતર્ગત યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે, કૃષિ મહોત્સવ જે જિલ્લા પંચાયતની સીટ પર યોજાય તે સીટમાં સમાવિષ્ટ ગામના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસથિત રહે તેવું આયોજન કરવા ભારપુર્વક જણાવ્યું હતું. ખેડૂતો વધુમાં વધુ રસ લે તે માટે સ્થાનિક અધિકારીશ્રીઓ સાથે સાથે પદાધિકારીશ્રીઓને પણ સાથે રાખવા જણાવ્યું હતું.

વધુમાં કલેકટરશ્રીએ કૃષિ મહોત્સવ દરમ્યાન કયા વિસ્તારમાં કયો પાક લેવાથી ફાયદો થાય તેમ છે, તેની વિસ્તૃત વાત કરીને તે પાક લેવા આગ્રહ કરવા જણાવ્યું હતું. તેમજ સમગ્ર ગામના ખેડૂતો એક જ પાકનું ઉત્પાદન ન કરે તે માટે પણ સુચારું આયોજન કરીને તે અંગેની વિસ્તૃત સમજ આપવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. તેમજ ખેડૂતો ટપક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ વધુમાં વધુ કરે અને ટપક સિંચાઈનો ઉપયોગ કરવા માગતાં ખેડૂતોને કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની પણ સમજ અપાય તેવો પણ ખાસ આગ્રહ રાખ્યો હતો. તેમજ પશુ આરોગ્ય કેમ્પમાં પશુઓના નાના મોટા ઓપરેશન સરળતાથી થાય તેવું સુચારું આયોજન કરવા પણ જણાવ્યું હતું. તે ઉપરાંત રાજય સરકારની ટ્રેકટર સહાય જેવી અનેક યોજનાઓ અંગેની માહિતી સરળતાથી ખેડૂતોને મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા પણ ભારપુર્વક કહ્યું હતું. તેમજ જે સીટ પર કૃષિ મહોત્સવ યોજાનાર છે, તેના બે દિવસ અગાઉ તે સીટમાં સમાવિષ્ટ ગામોમાં પ્રચાર કરીને ખેડૂતોને જાણ કરવાની વ્યવસ્થા કરવાની પણ સૂચના આપી હતી.

કૃષિ મહોત્સવ ૨૦૧૫ જિલ્લા પંચાયતની સીટ અનુસાર યોજાનાર છે. કૃષિ મહોત્સવ ૨૦૧૫ ખેડૂતો માટે લાભદાયી થઈ રહે તેવા ઉમદા આશયથી આ વખતે સવારના ૮.૩૦ થી બપોરના ૧૨.૩૦ કલાક સુધી સેમિનાર કાર્યક્રમ યોજાશે. જેમાં સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો અને પશુપાલકોના અનુભવોનું અદાનપ્રદાન, કૃષિ, બાગાયત અને પશુપાલન સંદર્ભ પ્રશ્નોત્તરી અને સહાયના ચેક/મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવશે. તેમજ કાર્યક્રમના સ્થળે બે દિવસીય કૃષિ સંલગ્ન પ્રદર્શન કમ સેલ્સના કેન્દ્રો ઉભા કરાશે અને બે દિવસીય પશુ આરોગ્ય મેળા યોજાશે. તે ઉપરાંત ખાનગી કંપનીઓ પાસે સ્ટોલના ભાડા પેટે ૧ હજાર રૂપિયા ટોકન ભાડું લેવામાં આવનાર છે. આ ભાડાની જે રકમ આવે તે તમામ રકમ સ્થાનિક ગ્રામ પંચાયતને કૃષિ લાયબ્રેરીની સગવડ ઉભી કરવા માટે આપવામાં આવશે. તેમજ કૃષિ અને સહકાર ખાતા દ્વારા ખાતાના સ્ટોલ પરથી ikhedut પોર્ટલ મારફતે વિવિધ યોજનાઓ હેઠળ મળેલ અરજીઓ પૈકી જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં પાત્રતા ધરાવતા કેસોમાં મંજુરી પત્રોનું પણ વિતરણ કરવામાં આવનાર છે. બેંકો મારફતે પાક ધિરાણ, પાક વિમા યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ અંગેની જાણકારી અને જનધન યોજના હેઠળ બેંકોમાં ખાતા ખોલવાનું પણ આયોજન કરવામાં આવશે. વન વિભાગ દ્વારા રોપાઓનું બુકીંગ કરવામાં આવશે. વારસાઈના પડતર કેસો માટે અરજીઓ મેળવવાના કેમ્પનું અને નવી ફાર્મર્સ કલબની રચના નાબાર્ડ/બેકોં દ્વારા કરવામાં આવનાર છે.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એમ. ભીમજીયાણી, પ્રાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, કૃષિ અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા, બાગાયત અધિકારી શ્રી જે. બી. પટેલ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસથિત રહ્યાં હતાં.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગઈકાલ બપોરના સુમારે સેક્ટર-૩૦, ચ-ટાઈપ પાસે એક અશક્ત ગાયે વાછરડાને જન્મ આપ્યો, પરંતુ મા અને વાછરડું અશક્તિને કારણે ઉભા ન થઈ શકયા, સ્થાનિકોએ તુરત જ ખોરાક-પાણી આપી જલારામ હેલ્પલાઈનના સ્નેહલભાઈને જાણ કરતા તાત્કાલિક સારવાર આપવામાં આવી. આમ એક નવજીવનને બચાવી લેવાયો. સ્થાનિકોને તેમની જીવદયાને અને સલામ છે જલારામ સેવા હેલ્પ લાઈનને જેમણે તાત્કાલિક સારવાર આપી.

## આજે ટાઉનહોલમાં એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો માટે
# લાગણીનો સેતુ લોકડાયરો યોજાશે
### નગરની સંસ્થાઓ, અગ્રણીઓ અને શહેરીજનોને જાહેર આમંત્રણ પાઠવ્યુ

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં આવેલ વિશેષ બાળ સંભાળગૃહમાં રહેતા એચ.આઈ.વી. પોઝીટીવ અનાથ અને જરૂરિયાત મંદ બાળકો માટે ટાઉનહોલ ગાંધીનગરમાં લાગણીના સેતુ લોક ડાયરો યોજવામાં આવશે. બાળકોને હુંફ અને લાગણી મળે તો રોગનો ખ્યાલ પણ આવતો નથી. લાગણીના સેતુમાં નગરજનોને એક સેતુ બનવા અપિલ કરવામાં આવી છે.

ગાંધીનગર સેકટર-૬-સી પ્લોટ નં. ૮૭૮/૧ ખાતે એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો માટે કેર એન્ડ સપોર્ટ (વિહાન પ્રોજેકટ) કાર્ય કરે છે. સંસ્થા દ્વારા આ બાળતોના ભવિષ્યના હિત માટે લોક ડાયરાનું આયોજન કર્યું છે. આજ રોજ મંગળવારે રાત્રે ૮-૦૦ વાગે લાગણીના સેતુ લોક ડાયરો યોજાશે. ડાયરામાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત રહી ડાયરાની મોજ કરાવશે. નગરજનોને ડાયરાનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

કેર એન્ડ સપોર્ટ (વિહાન પ્રોજેકટ) દ્વારા આથી પાંચ વર્ષ અગાઉ ૩૧ માર્ચ ૨૦૧૦માં અનાથ અને જરૂરિયાતમંદ એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો માટે કાર્ય કરવા સ્થાપવામાં આવી હતી. ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી. રાજયકક્ષાની સ્વાયત સંગઠન છે. સંસ્થા ૨૬ જિલ્લામાં રહેતા ૩૮,૦૦૦ એચ.આઈ.વી. પોઝીટીવ લોકોને સેવા આપી રહી છે.

સંસ્થા ગાંધીનગર શહેરમાં વિશેષ બાળ સંભાળગૃહમાં રહેતા ૩૭ દિકરા-દિકરીઓના વિકાસ અર્થે કટીબધ્ધ છે. સંસ્થાના સભ્ય એ જણાવ્યું હતું કે સરકાર દ્વારા એક બાળક દીઠ એક હજાર રૂપિયા આપવામાં આવે છે ત્યારે એક બાળક દીઠ ખર્ચ રૂ. ૩૦૦૦૦ જેટલો થાય છે. બાળકના કપડા, બૂટ, ચંપલ, અભ્યાસ ખર્ચનો સમાવેશ થાય છે. હાલના સમયે સંસ્થા ખર્ચને પહોંચી વળતી નથી તેથી નગરના દાતાઓને આવા બાળકોના હિત માટે આગળ આવવા અપીલ કરવામાં આવી છે.

લાગણીનો સેતુ લોક ડાયરો આ બાળકો માટે કાયમી સેતુ બની રહે તેવો અમારો ધ્યેય છે. તેમજ લોકડાયરા દ્વારા એચ.આઈ.વી. રોગને ફેલાતો અટકાવવા જન જાગૃતિ માટે પણ યોગ્ય પુરવાર સાબિત થશે. લોકો એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યકિતઓ સાથે ભેદભાવ રાખતા હોય છે. કેટલાક ગેરમાન્યતાઓ બાંધેલ છે. તેવા સમયે આ કાર્યક્રમ દ્વારા એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓ સામાન્ય માણસ જ છે તેમ યોગ્ય રીતે પુરવાર કરી ગેર માન્યતાઓ દુર કરી શકશે. લોક ડાયરામાં નગરની તમામ સંસ્થાઓ અગ્રણીઓ અને નાગરિકોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# જિલ્લાની મોટા ભાગની સરકારી કચેરીમાં ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના બેનર લાગ્યા જ નથી
### ૨૦૧૩માં સામાન્ય વહીવટી વિભાગે પરીપત્ર કરી બેનરો લગાવવા એ.સી.બી.ને સૂચન કર્યુ હતુ

ગાંધીનગર, તા. ૩૦

કોઈપણ જાહેર સેવક (સરકારી વ્યક્તિ) આપની પાસે ગેરકાયદેસર રીતે નાણાંની માંગણી કરે અથવા ત્રાહિત વ્યક્તિ મારફતે કરાવે તો તે ગુન્હો છે. આ માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે. તેવા બેનરો ગાંધીનગરની તમામ નાની મોટી કચેરીમાં લગાવવા માટે સામાન્ય વહીવટી વિભાગે ૨૦૧૩ પરિપત્ર બહાર પાડ્યો હતો. જો કે બે વર્ષથી પણ વધુ સમય વીતી ગયો છતાં જિલ્લાની ૯૦ ટકા કચેરીમાં આ પ્રકારના કોઈપણ બેનર હજુ સુધી લાગ્યા જ નથી તે ખુબ શરમજનક વાત છે અને 'આપણુ ગુજરાત ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાત'ની વાતો કરતી સરકારના ઉચ્ચ અધિકારીઓ અને સરકારી બાબુઓ આ તમામ બાબતે અજાણ બની રહ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 'ભ્રષ્ટાચાર મુકત ગુજરાત' બનાવવાના હેતુસર ઓક્ટોબર-૨૦૧૩માં એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં લાંચરૂશ્વત વિરોધી બ્યુરો ગુજરાત દ્વારા તમામ સરકારી કચેરીમાં વિશેષ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં ફરિયાદ માટેના બેનરો લગાવવા સૂચન કરાયું હતું. તેમ છતાં આજ દિન સુધી ગાંધીનગર જિલ્લામાં આવેલી સચિવાલય, કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત, ઉદ્યોગભવન, તાલુકા પંચાયત, જનસેવા કેન્દ્ર જેવી કચેરીમાં માત્ર ૧૦ ટકા જ કચેરીમાં આ બોર્ડ દેખાય છે, જ્યારે મોટા ભાગની કચેરીમાં આવા કોઈ બોર્ડ જ લગાવવામાં આવ્યા નથી જે ગંભીર બાબત છે. ત્યારે સામાન્ય વહીવટી વિભાગ આ મામલે ફરીવાર પરિપત્ર જાહેર કરી બેનર લગાવવા સંબંધિત કચેરીમાં સૂચન કરે તે ઈચ્છનીય છે.

# ચિલોડા માર્કેટ યાર્ડમાં ઘઉંના નીચા ભાવોથી ખેડૂતો-વેપારીઓ બંને મુંઝવણમાં
### કમોસમી વરસાદથી પાકની નબળી ગુણવત્તાની ભાવ પર અસર : માર્કેટ યાર્ડમાં વેપારીઓની નહિવત સંખ્યા
### રાજય સરકારના રાહત પેકેજનો પરિપત્ર બહાર ન પડયો હોવાથી ધિરાણ ચુકવવામાં અવઢવ

ચિલોડા, તા.૩૦

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં એક માત્ર ચિલોડા ખાતે જ માર્કટ યાર્ડ આવેલ છે. દર વર્ષે ચોમાસુ અને શિયાળુ પાક તૈયાર થયા બાદ અહીં વેચવા આવતા ખેડૂતોને માંડ ૨ થી ૩ વેપારીઓ જ મળતા હોવાથી ખેડૂતોને નિરાશ થવું પડે છે. એમાં પણ આ વર્ષે કમોસમી વરસાદના કારણે ઘઉંના પાકમાં ચાપી, ચાંદરા અને ડાઘી પડી જવાથી તેમજ ચળકાટનો અભાવ હોવાથી પોષણક્ષમ ભાવો મળી નથી રહ્યાં જેના કારણે પણ કિસાનોની હાલત કફોડી બની છે. સામે પક્ષે ઘઉંની ગુણવત્તા નબળી હોવાને કારણે વેપારી વર્ગને પણ વેપારમાં રસ નથી પડી રહ્યો. હાલ માર્કેટયાર્ડમાં માંડ ૨૪૦ થી ૨૭૦ના ભાવે ઘઉંના વેપાર થતા હોવાથી વેપારી વર્ગ પણ ચિંતામાં જણાઈ રહ્યો છે. ખરીદવા વેપારીઓની સંખ્યા પણ નહીવત હોવાથી હરાજીમાં વધુ ભાવો મળી શકતા નથી. આ કારણે ખેડૂતોએ મંડળીઓ અથવા બેંકો પાસેથી લીધેલા ધીરાણને માર્ચ એન્ડિંગમાં ભરપાઈ કરવાનું હોવાથી મુશ્કેલીમાં મુકાયા છે.



વળી રાહત પેકેજ અંગે રાજય સરકારનો પરિપત્ર પણ હજુ સુધી બહાર ન પડતા કિસાનો અવઢવમાં મુકાયા છે.

ખેડૂતો માટે તો મોંઘુદાટ બિયારણ, દવા, ખાતર, ખેડ, કાપણી ખર્ચ વગેરેથી પડતર ઉંચી રહેવાની સામે નીચા બજાર ભાવોને કારણે ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અધુરામાં પુરું માર્કેટયાર્ડમાં માલ સરકાર દ્વારા રાહત પેકેજ અંતર્ગત ૫૦ ટકા સુધીનું ધિરાણ વ્યાજ માફ કર્યું હોવાની જાહેરાત કરાઈ પરંતુ હજુ સુધી પરિપત્ર બહાર પડયો ન હોવાથી પણ ખેડૂતો અવઢવમાં મુકાયા છે. જો કે હાલ કિસાનોને કેન્દ્ર સરકારની ૩ ટકાની રાહત પ્રમાણે લાભ મળી રહ્યો છે. પરંતુ રાજય સરકારના પરિપત્રની ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ રહ્યાં છે.

# ગરમીની ઋતુમાં સોજા હાઈસ્કુલમાં પક્ષીઓ બચાવવાની સ્પર્ધા યોજાઈ
### બાળકોએ પંખી માળા બનાવવાની સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો : પાણીના કુંડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૩૦

કલોલ તાલુકાના સોજા સ્થિત શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલમાં પંખી માળા બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. રાહી ઈકો કલબ દ્વારા પાણીના કુંડા વિતરણ કરવામાં આવ્યા હતા.



ગરમીનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. માનવી યંત્રોના સહારે ગરમી સામે રક્ષણ મેળવી શકે છે. પરંતુ મુંગા અબોલ પક્ષીઓનું શું? પાણી અને ઘર (માળ) વિના અનેક પક્ષીઓ નાશવંત થઈ રહ્યા છે. કલોલના સોજા હાઈસ્કુલમાં પંખી માળા બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. રાહી ઈકો કલબના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓએ એકએકથી ચઢિયાતા માળા બનાવ્યા હતા. શ્રેષ્ઠ માળા બનાવનાર વિદ્યાર્થીને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળામાં પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બાળકોને કહેવામાં આવ્યું હતું કે જયાં પક્ષીઓ ખૂબ જ પ્રમાણમાં ઝાડ પર આવતા હોય ત્યાં પાણીના કુંડા લગાવવા અને દરરોજ નવું પાણી ભરી લુપ્ત થતા પક્ષીઓને બચાવવા.

# ઝુંડાલ પાસે ચાલુ કારમાં આગ ભભૂકી ઉઠી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીકના ઝુંડાલ-વૈષ્ણોદેવી સર્કલ માર્ગ પર સવારના સમયે ચાલુ કારમાં અચાનક જ ખામી સર્જાતા આખી કાર મીનીટોમાં જ બળીને ખાખ થઈ ગઈ હતી. જો કે આ ઘટનામાં કાર ચાલકે સમય સૂચકતા દાખવી બહાર નિકળી જતાં તેનો આબાદ બચાવ થયો. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

અમદાવાદના સાબરમતી વિસત ખાતે રહેતા અમીત પ્રતાપસિંહ રાજપૂત પેઢીનો ધંધો કરે છે. અમીત રાજપૂત આજે સવારે પોતાની એકએક્ષ-૪ કાર નં. જીજે-૧-કેએસ ૨૯૩૯ લઈ વિસત પોતના ઘરેથી વૈષ્ણોદૈવી તરફ આવી રહ્યા હતા. દરમિયાન કાર ઝુંડાલ નજીક માર્ગ પર પહોંચતા કારના એન્જીનના બ્લોસરમાંથી અચાનક ધુમાડો નિકળતા તેમણે કાર ઉભી કરીને શું થયું તે જોવાનો પ્રયાસ કર્યો હતો. જો કે એટલામાં જ કારમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આ દશ્ય જોઈ કાર ચાલકે તુરંત ફાયરબ્રિગેડને ફોન કરી જાણ કરી હતી. જો કે ફાયર ફાઈટર આવે એ પહેલા જ મીનીટોમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે બનાવ સ્થળે આવી સળગતી કાર પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો આ ઘટના સંદર્ભે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪
સૂર્યાસ્ત : ૬.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૪ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. વાળંદ બેચરભાઈ જોઈતાભાઈ (ઉ.વ.૮૩) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. તિકાબા રતનસિંહ ચાવડા (ઉ.વ.૬૩) મકાન નં. ૧૮૩, સર્વોદય હાઉસ, સે-૩૦, ગાંધીનગર